## હરસિધ્ધીમાનો થાળ

ઝુલણ મોરલી વાગી રે

મારી ઝુપડીએ આવજોરે મા હરસિધ્ધી માવડી
પીરસી છે પતરાઈ રે જમવા આવો રે મા કોયલાવાળી
ભાતરે ભાતના ભોજનિયા મા હરસિધ્ધી માવડી
વિધવિધના પકવાનરે જમવા આવો ને મા કોયલાવાળી
મેવા મીઠાઈને લાપસી મા હરસિધ્ધી માવડી
સાથે મજાના શાકરે જમવા આવો ને મા કોયલાવાળી
નવ નવ નૈવેદ ધરિયાં મા હરસિધ્ધી માવડી
ખીર બનાવી મન ભાવતી જમવા આવોને મા કોયલાવાળી
બત્રીસ જાતના ભોજન માનજો હરસિધ્ધી માવડી
પાપડ અથાણા સાથ રે જમવા આવોને મા કોયલાવાળી
શિતળ જળની ઝારી ભરી મા હરસિધ્ધી માવડી
પાન બીડા મુખવાસ રે જમવા આવોને મા કોયલાવાળી
પ્રેમેથી પિરસ્યો થાળ રે મા હરસિધ્ધી માવડી
સ્નેહે કરી સ્વીકારજો જમવા આવોને મા કોયલાવાળી
પાવન કરો મારુ આંગણું મા હરસિધ્ધી માવડી
ગોઠીઓને દર્શન દેજો કે જમવા આવોને મા કોયલાવાળી
ભક્કતો તમારે પાયે પડે મા હરસિધ્ધી માવડી
બાળકોની પૂરજો આશ રે જમવા આવોને કોયલાવાળી.

" રાધા "